જમાનો ચોગે ડંકો.

વિશેષ વધારા સાથે

દ્વીતીયાવૃત્તિ.

રચનાર–પર્વતસિંહ અમીરસીંહ–જમાદાર.

તાકનો તાવ; મૂછનો માવ

હો આર લાવ, પરવારી કાજ.

છપાવી પ્રગટ કર્તા

મેસર્સ દેસાઈ બ્રધર્સની કુંપની.

બુકસેલર સ્ટેશનર્સ એન્ડ પબ્લીશર્સ

દીનપર દરવાજે નં. ૨ ભરૂચ.

અમદાવાદ–ખીચમાળાની પોળ પાસે શ્રી સત્યમાળા પ્રીન્ટીંગ પ્રેસમાં

પટેલ મોહનલાલ ... છાપ્યું.

... સને ૧૯..

કિંમત એક આનો.

[illegible]

આ પુસ્તકમાં [illegible]

[illegible]

[illegible]

"ઇનામી પ્રશ્ન"

દોહરા.

નારી તે નપુંસક બને, નપુંસકનો નર થાય
નરથી પણ નપુંસક બને, પુનરપિ નારી થાય — ૧
એ નારી શી ?

ઉત્તર સાથે ફક્ત પોસ્ટ ખર્ચનો એક આનો મોકલનારને [illegible] પુસ્તક બક્ષીસ આપવામાં આવશે જેના નીચેના સરનામે

[illegible] પોસ્ટ ખર્ચનો એક આનો મોકલનારથી	શ્રીમતિ [illegible] ધર્મ પત્ની. [illegible] (ગુજરાત) પોસ્ટ [illegible]
ચાર આના કિંમતથી.	[illegible] (ગુજરાત) પોસ્ટ — [illegible]

[illegible]

મેસર્સ દેસાઈ બ્રધર્સની કુંપની

[illegible] નં. ૨ [illegible]

જમાનો, યાને કલીયુગનો કાકો.

સેદા તારા ખુબ છે દાડા—એ રાગ.

જમાનો તો બદલાયોરે, કળીજુગ કળજુગ આયોરે—એ ટેક

રોગ ને વેર વધ્યાં વસુધામાં, વ્યસન વધ્યાં વિધ વિધ (૨)
ગાંજો અફીણને દારૂના બાટલા હોટલમાં જઈ પીધ
ચાડથી ગર્વ ગુમાવ્યો (૨) રે— જમાનો ૧

ઊંચ હતા તે નીચ બન્યા કંઈ, નીચ તે ઉંચ મનાય (૨)
ધર્મને નામે ધાડજ આવી, પાપને પંથ પળાય
અધર્મ વાજે દિ આવ્યા (૨) રે— જમાનો ૨

જે પ્રમદા પડદે રહેનારી, તે ધરી લેડી પોશાક (૨)
ભારતના કર ઝાલી બજારે, મહાલી રહી છે આજ
એણે આડો આંક અપ્યો (૨) રે— જમાનો ૩

નીતિ રીતિ સૌ નેવલે મુકી, ફરે અનીતિ ચડાય (૨)
ફેસનબાજીને ફંદે ફસાયા, રંક ને મોટા રાય
તોરા જરી ટોપ છવાયો (૨) રે— જમાનો ૪

જે નૃપને ગૃહ ચાંદી સોનાના, પાત્ર તણો નહિ પાર (૨)
તે આજ મંદિરમાં જઈ બેઠાં, દેખાય હાલ દાર
લોભનો આડ ભરાવો (૨) રે— જમાનો ૫

ચેન પડે નહિ આ, વિણુ, આએ વાળ્યો દાટ (૨)
રાયથી માંડીને રંક કહાવે, સૌને થયો સનિપાત
વિલાતનો વાયુ વાયો (૨) રે— જમાનો. ૬
સેન્ટ લવન્ડર લેમ્પથી મોહ્યા, મોટરમાં મશગુલ (૨)
ઈલેક્ટ્રીકને ભાઈ વર્યા છે, આપી મો માગ્યાં મુલ
ગળે નેકટાઈ લગાયે (૨) રે— જમાનો ૭
ફાંકણુ ઓવરીનાં બદલાયાં, પ્રસથી મોહ્યું મન (૨)
અંજન મંજનથી થઈ રંજન, ધુળ કરે છે ધન
ગણ્યાના ન્યાય ગણાયો (૨) રે— જમાનો ૮
તાંબા પિત્તળનો પારજ આવ્યો; લોખંડ ઘેરે ઘેર (૨)
જ્યાં નીરખો ત્યાં ટેબલ ખુરશી. બીલોર ઠેરે ઠેર
યુરોપી ઠાઠ મચાયો (૨) રે— જમાનો. ૯
દેશનો વેશજ બેશ ન લાગે, વધ્યુ વિદેશથી વા'લ (૨)
બુટ પગે પાટલુન ચડાવી, બન્યા ગોરાના બાળ
જાણે મેંમ સાબનો જાયો (૨) રે— જમાનો. ૧૦
બી. એ. બનીને ભાઈ બીએ છે, બાઈ થકી ઘરમાંય (૨)
બાહેર બીલ્લી થકીજ બીએ છે, તે શું ઉકાળે હાય
જનેતાએ શીદ જાયો (૨) રે— જમાનો. ૧૧
સ્ટોકીંગ કોલર કોટને ઝાકીટ, જોઈએ વીલાયતી સ્ટીક (૨)
ચાંદલીએ ચશમાં છે ચોટયાં, ઠાંસે બર ડી ઠીક
ચીરૂટનો છે હડકાયો (૨) રે— જમાનો. ૧૨
શીશ થકી શીખા સરકી તે. હા લટકીજ લલાટ (૨)
નીચી નમી નમી શું સુચવે છે; વિદ્રતામાં ઉડી વાટ
દેશાની દાઝ ન લાવ્યો રે— જમાનો. ૧૩

ભણી ગણીને સૌ જન [illegible]રછે, નિર્લજ નોકરી ઉર (૨)
સુરને તુરે ગુમાવી બેઠા, કાળરૂપે બની ક્રૂર
ગુર્જરેશ્વરી ગાંત્ર ગળાયો (૨) રે— જમાનો. ૧૪

ધીક્કર છે ધીક્કર છે ધીક્કર છે એવા, દેશ દ્રોહીને ધીક્કાર (૨)
ઓરી તજી ઘરની ગુણવંતી. જોડી ગણીકાથી પ્યાર
ખરે જર ખુબ ખવાડ્યો (૨) રે— . જમાનો. ૧૫

ચીની ચલાણાં પ્યાલા રકાબી, ફાનસ ફેકટ લીધ (૨)
ફુટી જતાં ફરી બદલી નાખી, ફોગટ કેડી દીધ
છતે દ્રગ હા ન દેખાયો (૨) રે— જમાનો. ૧૬

વાજાં વીવીધ પ્રકારના લાવી, મુકયુ ગજાવી મકાન (૨).
બગડયું કે પછી બારજ વાગ્યા, તેનું મળે નહિ ભાન
પૈસા પર પાણી ફીરાયો (૨) રે— જમાનો. ૧૭

એરંડીયુ તો અદ્રશ્ય થયુ ને, ગંધાતું ચ્યાકલેટ (૨)
બેહદ આવી ભરાયું ઘરોઘર, પાકી ઉડયું જ્યાં પેટ
પાટો ક્યાં જાય બંધાયો (૨) રે— જમાનો. ૧૮

ચોળી મકીને પોલકાં પેઠાં, પારસી ડ્રેસ પોષાય (૨)
કંથ કહ્યાગરી કાન્તા મળે ના, વર વધુ વશ વરતાય
એ તે વર કે ઘર જાયો (૨) રે— જમાનો. ૧૯

દેશની દોલત હોય વિદેશે; એ રીત ચાલી જાય (૨)
તો પણ આંખ ઉઘાડી ન દેખે; ક્યાંથી દેશોદય થાય;
આવી દાળીદ્ર ભરાયો (૨)રે— જમાનો૦ ૨૦

આપણ છીદડી ગયાં છુપાઇ, ગયનથી ગુલતાન; (૨)

મુકી મટી ચતુરામાં વધ્યું છે; બગડી આદાનું માન:
ફાન ફેશીંગ અડાગો (૨) રે— જમાનો ૨૧
બારીક વસ્ત્ર તનુએ ધારી, નારી હૈયે હરખાય: (૨)
અંગ તમામ દેખાડ્યજ આવે, સુજ્ઞ જોઈ શરમાય.
ગણીકાનો વેશ ભજવ્યો (૨) રે— જમાનો. ૨૨
રાંડી તે ઘર માંડી બેઠી, માંડી બાધી પર પ્યાર, (૨)
જાર રમે ગમે ના ઘરનો ધણી, ઝાઝો વધ્યો વ્યભીચાર:
પતિવ્રતનો પાર આવ્યા (૨) રે— જમાનો. ૨૩
પાન ખાઈ પીચકારી મારે, રાખે મુખડું લાલ, (૨)
બારીએ બેઠી નારીઓ બોલે, બોલ મુખેથી બે તાલ,
મલાજો છેક મુકાયો (૨) રે— જમાનો. ૨૪
પાખંડીને પુરા પ્રેમથી પુજે, સાધુનો ચિન્ત ન ચાંગ, (૨)
ધર્મીને ધાગે ધાડજ આવે, પાપી પનોતા થાય;
દષ્ટિએ જાય દેખાયો (૨) રે— જમાનો ૨૫
શુરા શિવાજી કર્ણ ગયારે, રણજીતસિંહજી રાય; (૨)
વિક્રમ ભોજ સમા નહિ ભાળું, ભુપતિ ભુતળ માંય;
મરે ફંદ બીજ બવાયો (૨) રે— જમાનો. ૨૬
ટા નરહાર શુરા દિશે છે, લઈ પટાકડું હાથ (૨)
કાયર તેતર હોલા હણીને, દુભાવે જગનાથ.
શુરાના સિંહ મરાયો (૨) રે— જમાનો. ૨૭
પૈસા પરણવા પુત્રીને વેચે, વેખી પળીએલ કંથ: (૨)
અંગની શક્તિ ભંગ થઈ, જેના અચામાં ન મળે દંત;
ગાગો કહી જગ બોલાવ્યો (૨)—રે જમાનો. ૨૮
ઉત્તમ સાક્ષરના કરનાં પણ, પુસ્તક ના પોસાય: (૨)

નાટકમાં નાણું ખુબ ખર્ચે, ચીથરડાં ચીત ચા'ય
સાહિત્યને ના શણગાર્યો (૨) રે— જમાનો ૨૯
કોણ કવિનો ભાવ પુછે છે, ભાંડ ભવૈયા ચહાય, (૨)
ચાય ખુશી નાયકાને નચાવી, વિત્ત તેમાં વપરાય,
કોવિદને કંઇ ન અપાયો (૨) રે— જમાનો ૩૦
શે'રમાં હોટલ ગામડે હોટલ, હોટલ હોટલ હાય. (૨)
વર્ણ અઢારે આવી ભરાઇ, ચા અને બીસકુટ ખાય;
અભક્ષા ભક્ષ ઉડાયો (૨) રે— જમાનો. ૩૧
વિપ્રો તો વળી છેકજ વઠ્યા; મુકી માગી ખાય: (૨)
હાય હવે કોણ આ દેશ આપે, કાયાનું કલ્યાણ થાય;
પાયો મુળમાંથી ખવાયો (૨) રે— જમાનો. ૩૨
નાગ પરાયા ધાવ બને પણ, લે અશુમન મકાન. (૨)
પાળક બાળકના થઇ પોતે, ઘાલી એવું ધમધાન.
દેશમાં હાય કુબાવો (૨) રે— જમાનો ૩૩
દેવ દીકા ન ગમે દૃષ્ટિએ, નિરખ પ્રત્યે વેર: (૨)
સે'લ સપાટે લઇ સીધાવે, લાયક લંડન શે'ર.
વર્ષા વિત્તના વરસાવ્યો (૨) રે— જમાનો. ૩૪
લાયક ઉમરની લલના કદી, વૈધવ્યતાને પામ, (૨)
પુનર્લગ્ન કરાવા તેનું, શાસ્ત્રની મુકી માઝાય,
પત્રે ઢંઢેરા પીટાવ્યા (૨) રે— જમાનો. ૩૫
પેપર માસીકમાં વળી છુટી, નોટીસ બહુ નીરખાય. (૨)
વૈદ નાણું જાણે વાણિજ ફટકુ, બની કુરાગ હાય:
ખરે લુટી ખાયો (૨) રે— જમાનો. ૩૬
લેખકનું પણ તેમજ લેખો, જેમાં અનીતી અતુલ: (૨)

એવાં અસિદ્ધ કરીને, વેચે પાણીને મુલ;
...ને ખોટ ખમાયો (૨) રે-- જમાનો. ૩૭
પાખંડ પ્રપંચ વૃદ્ધિ પમ્યા, ચોરી ચાડી જુઠ જાર; (૨)
સત્ય સરી પાતાળે પેઠું, જામી ગયો છે જુગાર.
એ શું દૈવને ભાવ્યો (૨)—રે જમાનો. ૩૮
ઓશી ગયાં ડાચાં બુઢીયાનાં, શ્વેત થયા શીર કેશ; (૨)
તોય રહ્યા વળગી વ્યભીચારે, મુખ પર ચોપડી મેંશ;
કામી કામથી ન ધરાયો (૨) રે— જમાનો. ૩૯
કર્જ નાણું કાઢવા જતાં, પુત્ર બને છે આપ; (૨)
દેવા પડે જ્યારે દામજ ત્યારે, બની બેસે છે બાપ,
ભુંડ ભારબોજ ગુમાવ્યો (૨) રે - જમાનો. ૪૦
ચોર હતા તે શાહ બન્યાને, શાહ બિચારા ચોર; (૨)
વાડેજ તેની વાડજ આવી, ક્યાં કરવા જઇ સોર.
ખરે ખેતને બીજ ખાયો (૨) રે— જમાનો. ૪૧
બાવે તો વળી બે સ્ત્રી રાખી, ચેલે રાખી ચાર; (૨)
ખાખી તો ખોળતાજ ફરે છે, ચોળી મફતની બ્હાર.
રાંગોટે ભેખ લજાવ્યો (૨) રે— જમાનો. ૪૨
કેટલા જમાત લઇ રખડે છે, રાખી રાજેશ્વરી ઠાઠ: (૨)
સિદ્ધને સાધક વેસ બનીને, વાળ્યો ગામે ગામડાટ,
મલીદા માલ ઉડાવ્યો (૨) રે— જમાનો. ૪૩
પાળી પોષી મોટા કીધા પુત્રો; ઝાઝાં લડાવી લાડ; (૨)
વૃદ્ધ પણે લાકડી લઇ ઉઠે, ભાંગે પિતાનાં હાડ,
વખતો નત જાય વગાવ્યો (૨) રે— જમાનો. ૪૪
ઘટી ગયો રસ ભુગોળમાંથી, ઘટ્યો સંબંધીનો સ્નેહ; (૨)

સ્વાદ ઘટયો ઘીતમાંથી ભરેભર. ઊતરે આછા મેહ;
દગાથી દોસ્ત મરાયો (૨) રે— જમાનો. ૪૫
પુરૂષમાંથી ઘટયું પુરૂષાતન, જામ્યું ત્રિયાનું રાજ; (૨)
બાપ બીલાડીને ભાઇજ ઉંદર, એવું બન્યું છે આજ;
સુરા બાગલગન ભરાયો (૨) રે— જમાનો ૪૬
નાટક સરકસ ને જાદુના, ખેલ વધ્યા વિધ વિધ; (૨)
ચિત્તચોરી વસુધાપરથી હા, સૌને ભીખારી કીધ;
બન કુછંદ લગાડયો (૨) રે- જમાનો ૪૭
ભારત ભાગવત કે રામાયણ, રૂડી રીતે વંચાય; (૨)
ત્યાં જઇ સાંભળતાં ઉંઘ આવે, ગામ ગપાટા માંય;
સારી રાત જાય જગાયો (૨) રે— જમાનો ૪૮
ચાર ઘડી ચીત ઠારવા માટે, દેવ મંદિર ગણાય, (૨)
ત્યાં પણ રંગીત પરણાં ઝુલે, દેખુ મહિષી ને ગાય,
બાં બાં શબ્દ જાય સુણાયો (૨) રે— જમાનો. ૪૯
નીત્ય સજી શણગારજ સુંદર, ઘાલી ફરે ઘડિઆળ; (૨)
મારગમાં કદી સામે મળે તો, કોઇ ક્ળે ને કાળ;
હજો મોટે ઘર જાયો (૨) રે— જમાનો. ૫૦
મેળા ખેળામાં જઇ જોતાં, દિલ મારૂં દુભાય, (૨)
ઢેડ ને ભંગી સામે મળે તો, ધક્કા મારી ઘુસી જાય.
તોયે ના દુર ખસાયો (૨) રે— જમાનો ૫૧
બાળા વરસે બરજ ફેરી, બાળકા માંય લેખાય, (૨)
જે રમી રાજી થતી ઢીંગલાંએ, ગર્ભવંતિ તે થય,
સારો હિ જાય કહાયો (૨) રે— જમનો. ૫૨
દેવ વસ્યા જઇને ડુંગરામાં, મક્કે મા'લે પીર: (૨)

ચોમર્યું સજ છતાં આટીઓમાં, આચંજ આવે પીડ;
મુખેથી કંઇ ન કે'વાયે (૨) રે-- જમાનો. ૫૩
કે'વાય ત્યારે ઠોકર મોટા, પણ ના ખાંધા દૂર; (૨)
કન્યા ના કુળવાનની લેતા, કુંર પૈસા ભરપુર;
તે પાસે હજત સંભાળ્યો (૨) રે— જમાનો ૫૪
પાણી પવિત્ર અણે ન અડવા, ગામ ગમાતરે જાય; (૨)
પણ ભજ્યાં ભીયાની દુકાનેથી, ખાંને લઇને ખાય;
અનાચાર આવી ભરાયો (૨) રે-- જમાનો. ૫૫
કે'તાં આ રસના પડે તુટી, આવ્યો આડો આંક; (૨)
ફલી કરે કાશી બનારીઝને, રાકું અગત્ય ન રાક;
પ્રભુ જાણે ક્યાં છુપાયો (૨) રે— જમાનો ૫૬
રાબંજન કર્યા સતયુગે, ત્રેતામાં સિતાય. (૨)
દ્વાપરમાં થઇ દ્રૌપદ સુતા, આજ ઘરેઘર હાય,
દેખું દ્રગથી ફર્યાઓ (૨) રે-- જમાનો ૫૭
જે ગુજરાત વિશેજ હતી હા, લક્ષ્મીની લીલા લેર; (૨)
ત્યાં ભટકે છે ભિખારીનાં ટોળાં, આવીને ઘેરે ઘેર,
ઉઘાડે અંગ દીખાયો (૨) રે-- જમાનો ૫૮
પૈસાદારને પ્રેમથી પુજે, પંડિત ના પુંજાય. (૨)
હોય ભલે પછી તે લાલવત્તા, એવો અરે અન્યાય,
કળીમાં જાય કળાયો (૨) રે--- જમાનો ૫૯
નારી ગઇ સ્વધામ સીધાવી, સંપત્તિ પામી નાશ; (૨)
કે વર્ણાશ્રમ મુંડ મુંડવી, બેઠી લઇ સન્યાસ;
ગુરૂદેવને પાય પડાવ્યો. (૨) રે - જમાનો ૬૦
માત પિતા થઇ બાળક પોતે, બાળકને દઇ બોધ; (૨)

પેટ નિમિત્તે પાપ કરાવે, રે કુડી કારમો લોભ;
કહું શું ન જાય કથ્યો (૨) રે— જમાનો. ૧૧
આચારનો નથી અંશજ જેમાં, જાણે ન વેદના ભેદ; (૨)
થાય તેની ગણના જ્ઞાનીમાં, અંતર પામુ ખેદ;
સાધુ શઠ સાથ ગણાયો (૨) રે— જમાનો ૧૨
પાખંડી દંભી બની બેઠા, સાચા સંત મહંત; (૨)
તેમજ તો ઊભા પંચક કીધું, કાઢીને કલ્પીત પંથ;
સારા જગને ભરમાવ્યો (૨) રે— જમાનો ૧૩
આજ ગુરૂ એવા અવલોકું, શકે સમાવી ન શોક: (૨)
પાણું મુતી ધન શિષ્યનું ધુતા, પાછા મુકાવે પોક,
જૂઠા ગુરૂ નામ ધરાવ્યા (૨) રે— જમાનો ૧૪
આંધ ગુરૂ ને શિષ્ય આંધેરા, એના બન્નુ કે આજ: (૨)
તેમ જ્ઞાની બની નિકળ્યા બેટા, ખાલી કરે પતરાજ,
દેખી મમ દિલ દુભાયો (૨) રે જમાનો ૧૫
સૌ થકી ઉત્તમ હોંશ કરાવે, પણ કોઈને માટ. (૨)
મોહ તણું નામે ઘણા તેઓ, ભટના અવળીત ચાટ.
દેખી ના જાય ખમાયો (૨) રે— જમાનો ૧૬
કામ તણા ફગમા નવ દેખું, અરા દયાનો લગાર. (૨)
જ્યાં ને ત્યાં નજરે પડે નીરખું તામસનો ભંડાર,
ખરે કરે માયી ભગાયા (૨) રે— જમાનો. ૧૭
કોણ કૃપાએ લાગ ક્યાંમાં, પાકે પંક અપાર: (૨)
તો પણ લોકની કાન ખુલી, ના સુધરીજ લગાર.
એવો ભુંડો કો ન જણાયો (૨) રે— જમાનો ૧૮
આજ એમાં કે આગતમાંહી, પડે અફીણ કપાસ. (૨)

બીડી તમાકુએ રંગ રાખ્યો. નહિ તો થાત નિરાશ;
તથાપી ના સમજાયો (૨) રે— જમાનો ૬૯
ચેતો ચેતો ચિત્તમાં નર નારી, બાજી હજી છે હાથ; (૨)
દેશની દોલત દેશમાં રેવા, હુન્નરથી બીડી બાથ
કરો ઉન્નતિના ઉપાયો (૨) રે— જમાનો ૭૦
શું શું કથું કથવાનું ઘણું છે, કે'તાં નાવે પાર. (૨)
સારદ માતની સાય થકી આ. ટુંકામાં ટાંકો સાર;
લેજો સમજી બેન ભાયો (૨) રે— જમાનો ૭૧
ફુલનુ મુળ ખવાયજ ખાંત, તો તે રહે શું ટટાર. (૨)
તેમ ×વિદેશીનો મોહ મટ્યો નથી, ત્યાં લગી થાશો ખુવાર
'પરવતે' સત ગાયો (૨) રે— જમાનો ૭૨

કાં બંધ કરો !

"જરા આ પણ વાંચો"

સારૂં સારૂં સુરત શેર, મુબઈ અલબેલી—એ રાગ.

આવો આવો મારા મેરબાન, તમારે શું જોઈએ,
ભલા આપની આ છે દુકાન. તમારે શું જોઈએ ટેક
×ગુજરાતી ઇંગ્લીશને ઉર્દુ, પુસ્તકનો નથી પારરે.

× વિદેશી માલ સમજવો.
×સરકારી સીરીઝની સ્કુલમાં ચાલતી તમામ જાતની ચોપડીઓ મળશે.

વેદાન્તના ગ્રંથો પણ મળશે, નવલ. કથાઓ સાર-- તમારે. ૧
ઉર્દુ કીસ્સા તે પણ હાજર, નાટક નવિન રસાગરે;
ભલાં ભલાં ભક્તિ મારગનાં, પુસ્તક છે નીરધાર -- તમારે. ૨
સુધારવા સંસાર ચહોતો, છે ચતુરના ગ્રંથરે
જે વાંચીને પ્રમદા પોતે, પકડે નીતિ પંથ - તમારે ૩
ગજરો માર ગુલબકાવલી, સદેવંત ચીન ચાંપરે
વ સાથે બીજાં પણ વિધ વિધ, પુસ્તક અહીં વેચાય-તમારે ૪
વળી આપને ચાર ઘડી જો, હસવા મરજી હોયરે
તો ફારસ રસદાર મળે છે, ના નથી તેની તોય- તમારે ૫
કાગળ કાર્ડ કવર હોલ્ડર; પેનસીલ ને સ્ટીલરે
દુકાનમા સ્કુલના બરનો સૌ મળશે માલ ખચીત તમારે ૬
સિવાય સ્ટેશનરીનો સઘળો, માલ મળે બહુ બેશરે
તે સાથે છે ભાવ કીફાયત, નવ જુઠા તાણુ લેશ- તમારે ૭
સાચું જુઠુ કયમ સમજાએ; મુલાકાત સીવાયરે
પધારશો માટે એકવેળા; અમપર કરી કૃપાય- તમારે
જથાબંધ છે માલ દુકાને, લખનાં નહિ લખાયરે
જેથી દુકાનમાં ટાકયો આ: ઘણું કહે શું થાય-- તમારે ૯
વિશેષ વદતાં અતિશયોકિત: શાણાને સમજાયરે
પણ દરશન દ્યો દયા કરી તો, ખરી ખાતરી થાય- તમારે ૧૦
કતોપોર દરવાજા ઉપર, ભરૂચમાં દુકાનરે
પાણીના કુવાની સામે, આપ્યું એ એંધાણ- તમારે ૧૧
"દેસાઈ [illegible]ની કંપની" એવું; દુકાનનું છે નામરે
પધારશો પુછી તે ઠામે, કહીએ કરી પ્રણામ- તમારે ૧૨

ગીતીવૃત્ત.

(ઘ ?)શો પોતે વા, પત્ર થકી અમને ઑર્ડર કરશો.
વગતર દૉક વણીપું. મલ્યા વિના બીજે કંઇ ના વળશો. ૧૩

ગીતાળી-ચોપાઇ.

નગરે વસ્તુ ન જે મન ભાવી, તો તે આપશુ જલ્દી મંગાવી
છે રીવાજ અમારો હે ભાઇ; ઓછા લાભથી ઝાઝી કમાઇ ૧૪

" ઉભય મીત્રોની મસલત "

મોતમલાલ—ભાઇ ડીયર લહેરીલાલ ! તને તે હું આવા કડકડતા તડકામાં દીઠા લ-ને ક્યાં ગેતુ-ખોળું

લહેરીલાલ—કેમ અટલું બધું શું છે ? કે શ્વાસ સરખોએ માતો નથી અને આ લલાટપરથી પસીનાનાં ટીપાં ટપ ટપ ટપકે છે

મોતમલાલ—ચાલ ચાલ વાત કરવાનો વખત નથી કારણ વિના આવા તડકામાં અમથા આવ્યા હોઇશું ? તાલ છે લાલ આપણા ફ્રેન્ડ મનમોહનનાં ત્યાં ખાસ્સેની પ્રખ્યાત નાયકા કંચન લતાનો નાચ છે. નાચ શરૂ થઇ ચુક્યો છે તુ ત્યાં હાજર નહિ હોવાથી મને એક દમ તેડવા સારૂ મોકલેલ છે વાર થશે તો તાલ બધા તકરૂ થશે. વળી આ હાથમાં શેનું ચોપડું છે !

લહેરીલાલ—ચોપડું ! એ ચોપડૂ નથી પણ ચોતામણી છે. વાંચતા પરો આનું નામ કોઇ દિવસ વાચ્યું કે કાનથી સાંભળ્યું હતું ? " જમાનો યાને કળીયુગનો ક્રોધ " જો તેનો આપણા જેવા ઉપર લે અડલા ગેલથી ક્રોધ મારે તો તે પત્ર બની વશણાગીમાંવોકો આ

લવાનુંજ ભુલી જાય. પણ તે ક્યારે ? વાગીને સાર એવું ત્યરિ એનો તેજને ટકોરો ને ગધેડાને ડોફાં. મેં પણ પ્રથમ તો એમાં કાંઇ ટપ્પાતાન હશે, એમ ધારીનેજ ખરીદ્યું હતું પરંતુ વાંચતા તો મારી સર્વ ઇંદ્રિઓ બહેર મારી જતી, લુચ્ચી લ્હેરને દરિયાની પેલી મેર દોટ મુકી દોડી જતાં ડર થઈ નહિ વારી જાઉ અના બના તાનંગને એ ચોપડી તો ખરેખર ઘૃતથી લચપચ કરેલી ચાર પડી ગેટલી છે જો કે એનું કદ નાનુ છે છતાં માલ વિનાના મોટા થોથાં કરતાં મણી કરતાં પણ મોંઘી છે. મદોન્મત મન મંગાને મહાત કરનાર સપન પોશાક છે સદબોધની બુટી છે. ગુઅના દરવાજાની ચાવી છે જેથી બળ્યો એનો નાચ ને મુહ એ નાપકા વળી ત્યાં જઇ પાચ દશ રૂપીઆ હરામ કરવા, તેના કરતાં આપુને અનાથ આંધળાં લુલાંને ? કે સન્માર્ગે જાય અગર તો આના પુસ્તક લઇ આપજે તો અત્યારથીજ મદન મોહનને છેલ્લી સલામ.

મોતમલાલ—હેં ! એ ચોપડી એવી છે ? જો તારા કહેવા પ્રમાણેજ હોયતો, અ પણ પણ તારી પેઠે મદન મોહનને અત્યારથીજ નવ ગજના નમસ્કાર, મારૂં મન પણ આ સાંભળીને, એ ચોપડી વાંચવાને ટમ ટમી રહ્યું છે. પણ કહેતો ખરો કે એ તુ લાવ્યો ક્યાંથી ?

લહેરીલાલ—કેમ ક્યાંથી ? કતોપોર દરવાજા ઉપર પાણીના કુવા સામે આવેલી " દેશાઇ બ્રધર્સની " દુકાનેથી આજકાલ એ દુકાનની ઓર બલીહારી છે. જેને જેવો માલ જોઇએ, તેવો ત્યા મળી શકે છે. ટુંકામાં જાત જાતની લાકડીઓ, મનપસંદ મજબુત છત્રીઓ, નોટપેપર, કવર, મનહર કારડો. રબર, પેન્સીલ. હોલ્ડર, નાનાં મોટા પાકીટ, ડબ્બા, ચપ્પુ, સ્ટીલો, દફ્તરો, તમામ ઉંચી જાતની શાઇ,

બ્લોટીંગ પેપર, ફેન્સી ખડીયા, નાની મોટી સાઇઝની ડાયરી બુકો, દરેક જાતનાં પંચાગો, રંગીન કેલેંડરો, નીશાળમાં ચાલતા નાના મોટા નકશા ઇ. મળે છે. એટલુંજ નહિ પણ, આપણને મનપસંદ પડતો માલ ઓરડરથી નાકાદ્દે મંગાવી આપવામાં આવે છે.

નૌતમલાલ—એમ ! એવી એ જનરલ કંપની છે ? મેં તો આજેજ જાણ્યું ચાલ હું પણ એક બુક લઇ લઉં.

લહેરીલાલ—ખેર ! તે દુકાન અહીંથી ઘણી દુર છે અને મને ઘેર જતાં વાર થાય છે. માટે લ્યો હું મારીજ બુક તમને આપું છું ને વાચજો હું વળી કાલે જતાં આવતા લઇ લઇશ.

નૌતમલાલ—(પ્રારંભમા થોડું વાંચતાંજ) થેંક્યું થેંકયુ ના ધ્વની સાથે માઇડીયર ! તું આ બુકની જેટલી તારીફ કરે તેટલી ઓછી છે. હા! બીલકુલ અતિશયોક્તિ નથી. મને તારા સમાગમથી આજે અલભ્ય લાભ મળ્યો, જેથી હું તારો અત્યંત આભાર માનું છું. તને ઘેર વિલંબ થાય છે માટે રજા. વળી કાલે મલશું અને એ દુકાનથી એવીજ બીજી બોધદાયક બુક ખરીદ કરશું.

લહેરીલાલ—લ્યો ત્યારે સાહેબ મહેરબાન—

સમાપ્ત.

અમારે ત્યાં મળતાં પુસ્તકોનું લીસ્ટ. સને ૧૯૧૦

ભજન સંબંધીનાં.

કાવ્યદોહન મોટું ૧)	ભજન સાગર ૦।।।
„ નાનું ૦।।	આત્મજ્ઞાન ભજનભંડાર ૦।।
ભક્તશીરોમણી ૦।=	ભક્તોની ભજનમાળા ૦।=
રસીલી વાણી ૦।=	દયારામ કૃત ૦।।
રામાયણ કૃત ૩	રામાયણ ગીરધર ૨
મહાભારતની કથા વ્યાસ વલ્લભરામ કૃત ૩।।	અંબીકા કાવ્ય ૦।।।
	સંગીત ગરબાવળી ૦।।।
ચતુર સુંદર શ્રીવીલાસ ગરબાવળી ૦।=	સુંદર વીલાસ ૦।=
કૃષ્ણ બાળલીલા ૧)	શીવ સ્વરોદય ૦।=
શક્તી કાવ્ય ૦।।	નવગ્રહ વીધાન[illegible]ી ૦।=
ભોજરાજા કાળીદાસ ૧થી ૫ ભાગ ૦।।	કબીર નીર્ભે જ્ઞાન ૦।।।
ભોદામૃત ૧ થી ૩ ભાગ ૦।।	શીવગીતા ૦।=
વીદુરનીતી ૦।=	પાંડવ ગીતા ૦।।
ધોળપદ ૦।=	વચન વલ્લભ ૦।।
વલ્લભ પદમાળા ૦।।।	વલ્લભ નીતી ૦।।
વલ્લભામૃત કાવ્ય ૦।।	હારમાળા ૦।
જ્ઞાન ઉપદેશ ૦)=	ઋશીરાજ પદસંગ્રહ ૦।=
પ્રભાત સંગ્રહ મોટું ૦)=	ભારત નાના ૨)

વેદાંતનાં પુસ્તકો.

શ્રીમદ ભાગવત મોટું ૩॥
,, ગુજરાતી પ્રેસનું ૫)
વૈરાગ્યને મુમુક્ષુ પ્રકરણ ૦॥।
ભર્તૃહરી શતક ૦॥।
અમર ચરીત્ર ૧॥
સરસ્વતીચંદ્ર ભાગ ૧ થી ૪ ૫॥।
શિવસ્તોત્ર રત્નાકર ૧।
શીવપુરાણ ૧॥
મણી રત્નમાળ ૧)
આત્મ્ય સુત્ર. સ્વામીનારાયણનું ૦॥
બાળબોધના તીલકસાર ૦॥
અષ્ટાવક્રગીતા ૦॥
ભરતરાજ અમરી[illegible] ૦।=
પ્રિતમની વાણી ૦॥
ઉપદેશ ચીંતામણી ૦॥
સત્યનારાયણની કથા ૦।
ચંડીપાઠ રેશમી ૦॥
શ્રીમદ ભાગવત ગીતા ૦॥=
પંચરત્ન ગીતા ૧)
નાગાખ્યાન ૦।=
પડવા અશ્વમેધ ૦॥

કૃષ્ણ ચરીત્ર મોટું ૨)
ભાગવતનો એકાદશસ્કંધ મોનેરી ૦॥।
,, દશમસ્કંધ ૦॥।
મનુસ્મૃતી સટીક ૩
બસોબાવન વૈષ્ણવની વાર્તા ૧॥
ગઢડાન્ત ભાગ ૧ થી ૩ ૧॥
સુર્ય પુરાણ ૦॥।
પંચીકરણ ૧
યોગવાશિષ્ટ પાકું ૧
કામાક્ષી તંત્ર ૧।
અખાની વાણી ને ગંગાવિનોદ ૦॥
બ્રહ્મગીતા ૦।=
વરમાળા કથ ગુજરાતી ૦॥
ચંદ્રહાસ આખ્યાન ૦॥
ગોન ચીંતામણી ૦॥
ઓખાહરણ મોટું ૦॥
સુરેખાહરણ ૦॥
સ્વરોદય ૦॥
અભીમન્યુના ચક્રાવા ૦।=
સ્વર્ગ સી.[illegible] કથા ૦॥

નાવેલો.

કેમીલાના નાટક ૪॥	બાદશાહ બીરબલ ૧ થી ૧૨ ભાગના
સાત સુખાકરી ૦।=	સુંદર રમણીક ૦।=
આગ્રી મેના ૦।=	સૌભાગ્ય સુંદરી ૦।=
ડોન્યાગની દુ:ખી ૦॥	એક બાળકનું ખુન ૦।
ભાગ્યની પ્રેમદા ૦॥	વૈરાગ પત્નીની ૦।=
કામરૂપીને કામરૂપ ૦।=	ગુરૂવાન્દી ૦।=
ચંદ્રકાન્તની વાર્તા =	અજબ મોહની ૦।=
કુમુદ ને કુસુમ ૦।=	સંભાજી નોવેલ ૧)
મધુરાન્દ પરમાર ૧॥	પંચોપાખ્યાન ૦॥।
ભાગની ચંપકની વાર્તા ૦॥	સતીલા સર્વા ૧)
વર્ત સાત ત્રીજી બાળકીનો જોગ ૦॥	પ્રેમની જાદુની અજબ ભંડારી ૧॥
વાતો નોવેલ ૧॥	દીપીન ૧॥
ત્યાગ ત્યાં વિચાર ૦॥।	સ્વર્ગની સુંદરી ૦।=
મુસાફરોની વાર્તા ૦।=	રસીક મોહન ને બેકની અરજ ૦।=
રતી રમણ અને બહુનો પ્રેમ ૦।=	નશીબ ફેરવવાની કુંચી ૦।
વાણીઆની વાર્તા ૦।	જગતને મળ્યું પતીની ન્યાય ૦।=
નલીકાન્તા ને બેતાડની સીંકળ ૦॥	અભય ને સહની પડતીના પડઘા ૦॥
કીર્તી હરપાર ૦॥	મરયમ ૦॥
કુસુમાની ચારી ૦।	વસંત કુમારી ૦॥
નીલમ સુરતીન બહુનો પ્રસંગ	રસીક રમણી ૦।=
કુ. ત્રી. ૫ ભાગ ૫॥	મુરલીલાલ ૧)

[illegible] [illegible] ૦-[illegible]   [illegible] ૦-[illegible]

[illegible] [illegible] ૦-[illegible]   સુરસાની સુંદરી ૦-[illegible]

તે સિવાય ગુજરાતી ઇંગ્રેજી [illegible] સંસ્કૃત તથા ઉર્દુ વગેરે ભાષાનાં તમામ જાતનાં પુસ્તકો [illegible] [illegible] રાખીએ છીએ તે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જે પુસ્તક અમારે ત્યાં ન હોય તે [illegible] [illegible] [illegible] કરી છે.

અમારી દુકાન [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ને [illegible] હેમાભાઈ જેચંદની કું ના નામથી ચાલે છે ને અમારા [illegible] [illegible] વિનતી કરીએ છીએ કે [illegible] [illegible] [illegible] ને [illegible] [illegible] અમારી પાડોશમાં દુકાન છે તે અમારી નથી તેથી અમારા [illegible] [illegible] [illegible] અમારા [illegible] માલ [illegible] [illegible] [illegible] [illegible] કરીએ છીએ કે અમારી દુકાનનું બોર્ડ વાંચીને માલ ખરીદ કરવો. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નાના મોટા [illegible] [illegible] તમામ [illegible], [illegible], [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] (નકશા) [illegible] તમામ જાતનો સામાન વગેરે પરચુરણ માલ [illegible] [illegible] [illegible] તથા [illegible] [illegible] વેચીએ છીએ.

હેમાભાઈ જેચંદની કંપની.

તમામ જાતનાં પુસ્તકો—વગેરે પરચુરણ માલ [illegible]

[illegible] [illegible] [illegible] [illegible]
